આજનો સુવિચાર

દુ:ખનો અનુભવ થયા પછી જ સુખનો સાચો આનંદ મળે છે

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ

દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૧૧૦ જૂનાગઢ તા.૨૬-૪-૨૦૨૩ બુધવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂ. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 110, Junagadh : Date : 26 April, 2023, Wendnesday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


## ૫૬૧ ભારતીય નાગરીકોને સુદાનમાંથી બહાર કઢાયા

સુદાન તા. ૨૬

સુદાનમાં ૭૨ કલાકના યુદ્ધવિરામન પગલે રાજધાની ખાર્ટુમ સહિત દેશના અન્ય ભાગોમાં પણ હીંસક અથડામણ શરૂ છે. આ દરમિયાન છેલ્લા ૨૪ કલાકમાં ૫૫૦થી વધુ ભારતીયોને બહાર કાઢવામાં આવ્યા છે. તેમને સાઉદી અરેબિયાના જેદ્દાહ લાવવામાં આવ્યા છે. અત્યાર સુધીમાં ત્રણ બેચમાં ૫૬૧ લોકોને જેદ્દાહ લાવવામાં આવ્યા છે. સુદાનમાં ૪ હજારથી વધુ ભારતીયો રહે છે.

ભારતના વિદેશ મંત્રાલયના પ્રવકતા અરિંદમ બાગચીએ જણાવ્યું હતું કે 'ઓપરેશન કાવેરી'ની પ્રથમ બેચમાં, ૨૭૮ ભારતીયોને નેવી જહાજ INS સુમેધા દ્વારા પોર્ટ સુદાનથી સાઉદી અરેબિયાના જેદ્દાહ સુધી એરલિફ્ટ કરવામાં આવ્યા હતા. તે પછી, ભારતીય વાયુસેનાના C-130J વિમાન દ્વારા ૧૪૮ અને ૧૩૫ ભારતીયોને જેદ્દાહ લાવવામાં આવ્યા હતા. હવે તેમને ટૂંક સમયમાં એરલિફ્ટ કરીને ભારત લાવવામાં આવશે.

સુદાનમાં સેના અને પેરામિલિટરી ફોર્સ વચ્ચે ૧૫ એપ્રિલે લડાઈ શરૂ થઈ હતી. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન અનુસાર, લડાઈમાં અત્યાર સુધીમાં ૪૫૯ લોકો અને સૈનિકોના મોત થયા છે. ૪,૦૭૨ લોકો ઘાયલ થયા છે. સુદાનમાં ૨૭ એપ્રિલની મધરાત ૧૨ સુધી ૭૨ કલાકનો યુદ્ધવિરામ છે. આ દરમિયાન, અન્ય દેશો માટે પણ તેમના નાગરિકોને અહીંથી બહાર કાઢવાનો સમય આવી ગયો છે.

### ભારતીય હવામાન વિભાગનો ચોંકાવનારો રીપોર્ટ

# ૨૦૬૦ સુધીમાં ભારતમાં હીટવેવ હાહાકાર મચાવશે

(દિલ્હી બ્યુરો) નવી દિલ્હી તા. ૨૬

ભારતીય હવામાન વિભાગએ ૨૫ એપ્રિલે એક નવો રિપોર્ટ જાહેર કર્યોછે, જેમાં આવનારા હવામાનને લઈને ગંભીર ચેતવણી આપવામાં આવી છે. અહેવાલ અનુસાર, દ્વીપકલ્પ અને દરિયાકાંઠાના ભારતના મોટાભાગના ભાગોમાંવર્ષ ૨૦૬૦ સુધીમાં હીટવેવની અવધિમાં ૧૨-૧૮ દિવસનો વધારો થશે. તે સાથે તેની સાથે વ્યવહાર કરવાની રીતો પણ સૂચવી છે, જેમાં સાંસ્કૃતિક, સંસ્થાકીય, તકનીકીઅને ઈકોસિસ્ટમ આધારિત અનુકૂલન વ્યૂહરચનાનો સમાવેશ થાય છે. હીટ એન્ડ કોલ્ડ વેવ પ્રોસેસિસ એન્ડ પ્રિડિકશન્સ ઈન ઈન્ડિયા' શીર્ષક ધરાવતા આ અહેવાલમાં વેન્ટિલેશન અને ઈન્સ્યુલેશન દ્વારા ભારતની ઈમારતોને સુધારવાની ચર્ચા કરવામાં આવી છે; ગરમીની પ્રતિકૂળ આરોગ્ય અસરો વિશે જાગૃતિ વધારવી, કામના સમયપત્રકમાં ફેરફાર, પ્રારંભિક ચેતવણી આપવી, અને શીત આશ્રયસ્થાનોના નિર્માણનો સમાવેશ અને કભલામણોમાં કરવામાં આવ્યો છે.

ભવિષ્યમાં દર વર્ષે બે હીટવેવમાં વધારો થવાની ધારણા છે, એટલે કે ૨૦૬૦સુધીમાં ૧૨ થી ૧૮ હીટવેવ દિવસો હશે. સૌથી અગત્યનું, દ્વીપકલ્પીય ભારત અને દરિયાકાંઠાના વિસ્તારો જયાં ગરમીના મોજા સામાન્ય નથી ત્યાં ભવિષ્યમાં હીટવેવ નોંધાઈ શકે છે, તેમ પૃથ્વી વિજ્ઞાન મંત્રાલયના ભૂતપૂર્વ સચિવ અને અહેવાલના સહ-લેખક એમ રાજીવને જણાવ્યું હતું. ઘણા સ્ટેશનો પર સૌથી લાંબી હીટ વેવ ૧૦ દિવસથી વધુ છે. તેમાં મધ્ય અને ઉત્તર પશ્ચિમ ભારત અને તટીય આંધ્ર પ્રદેશનો પણ સમાવેશ થાય છે. જયારે, ભારતના અત્યંત ઉત્તર-પશ્ચિમમાં ૧૫ દિવસથી વધુનો સૌથી લાંબો હીટવેવ સમય નોંધવામાં આવ્યો છે.

સૌથી લાંબુ ભારે ગરમીનું મોજું સામાન્ય રીતે મધ્ય અને ઉત્તર પશ્ચિમ ભારતમાં પાંચ દિવસથી વધુ ચાલે છે. રિપોર્ટમાં એમ પણ કહેવામાં આવ્યું છે કે આંધ્ર પ્રદેશના દરિયાકાંઠા સહિત દક્ષિણ દ્વીપકલ્પની ગરમીની લહેર સરખામણીમાં ઓછી રહે છે. તે એટલું ગંભીર છે કે ગ્લોબલ વોર્મિંગને કારણે ૨૦૨૦-૨૦૬૪ના સમયગાળામાં લગભગ ૨ હીટવેવનો વધારો થશે. આ હીટવેવ ૧૨-૧૮ દિવસ સુધી રહેશે. અહેવાલમાં જણાવાયું છે કે જમીનનાં ભેજમાં ઘટાડો અને ગરમીના પ્રવાહને કારણે હીટવેવમાં ઝડપથી વધારો થયો છે.

# રૂા. ૧૭૫ કરોડનાં તાજ કોરીડોર કૌભાંડમાં માયાવતી આરોપી

લખનૌ, તા. ૨૬: પ્રખ્યાત તાજ કોરિડોર પ્રોજેક્ટમાં કૌભાંડને કારણે યુપીનાં ભૂતપૂર્વ મુખ્યમંત્રી માયાવતીની મુશ્કેલીઓ વધી શકેછે. રૂા.૧૭૫ કરોડના કોરિડોર પ્રોજેક્ટ કૌભાંડમાં નેશનલ પ્રોજેક્ટ્સ કન્સ્ટ્રક્શન કોર્પોરેશન લિમિટેડના નિવળત્તએજીએમ મહેન્દ્ર શર્મા સામે ૨૦ વર્ષ પછી તેને પ્રથમ વખત કાર્યવાહીની મંજૂરી મળી છે. આ કૌભાંડમાં સીબીઆઈએ પૂર્વ મુખ્યમંત્રી માયાવતી, પૂર્વ મંત્રી નસીમુદીન સિદીકી અને રાજ્ય સરકારના અધિકારીઓ સહિત ૧૧ લોકોને આરોપી બનાવ્યા હતા. માયાવતી અને નસીમુદીન અને સરકારના અન્ય અધિકારીઓ સામે પ્રોસિક્યુશન કેસ પેન્ડીંગ છે. સીબીઆઈ પશ્ચિમના વિશેષ ન્યાયાધીશની કોર્ટમાં ૨૨ મેના રોજ આ મામલો સુનાવણી માટે આવશે. તે જ દિવસે, સીબીઆઈએ આ કૌભાંડ સાથે સંબંધિત આરોપીઓ અંગેની વિશેષરજા અરજી (SLP) વિશે પણ માહિતી આપવાની રહેશે. વર્કઓર્ડર આપ્યા વિના કંપનીને ૧૭ અને ૨૦ કરોડનું ફંડ આપી દેવામાં આવ્યું હતું તાજ કોરિડોર કૌભાંડના સંદર્ભમાં ૫ ઓક્ટોબર ૨૦૦૨ના રોજ કેસ નોંધવામાં આવ્યો હતો. ૨૦૦૩માં સીબીઆઈએ તેની તપાસ શરૂ કરી હતી. ૨૦૦૨માં લખનૌમાં મળેલી બેઠકમાં NPCC દ્વારા કામ કરાવવા પર સહમતિ સધાઈ હતી. આ પછી એ પ્રોજેક્ટ પર કામ શરૂ કર્યું. સીબીઆઈ દ્વારા તૈયાર કરવામાં આવેલી ચાર્જશીટમાં જણાવવામાં આવ્યું છે કે, કોન્ટ્રાક્ટ આપ્યા વિના તાજ કોરિડોરના નિર્માણ માટે NPCCને ૧૭ કરોડ અને ૨૦ કરોડની રકમ આપવામાં આવી હતી. કંપનીને વર્ક ઓર્ડર પણ આપવામાં આવ્યો ન હતો, ન તો ડીપીઆર (ડીટેલ પ્રોજેક્ટ રિપોર્ટ) લેવામાં આવ્યો હતો.

# સામખીયાળી - ગાંધીધામમાં ઈન્કમટેકસનાં દરોડા

રાજકોટ તા. ૨૬ : ગુજરાતમાં આવકવેરા વિભાગે નાણાકીય વર્ષનું પ્રથમ દરોડા ઓપરેશન હાથ ધર્યુ હોય તેમ આજે કચ્છમાં સામખીયાળી તથા ગાંધીધામમાં તવાઈ ઉતારવામાં આવી હતી અને જાણીતા પાઈપ ઉત્પાદક ગ્રુપ પર દરોડા કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. મોટી રકમની કરચોરી પકડાવાની આશંકા દર્શાવવામાં આવી રહી છે. આવકવેરા વિભાગનાં માહિતગાર સુત્રોએ જણાવ્યું હતું કે આજે સવારથી સામખીયાળીમાં આવેલ ગેલન્ટ પાઈપ જુથપર દરોડા કાર્યવાહી શરૂ કરવામાં આવીછે તેના કનેકશનમાં ગાંધીધામમાં પણ ટીમો મોકલવામાં આવી છે.ઉતર પ્રદેશના કનેકશનમાં આ દરોડા પડયા હોવાના નિર્દેશ છે.મોટી સંખ્યામાં દસ્તાવેજો સહીતનુ હિસાબી સાહીત્ય કબ્જે કરવામાં આવ્યુ છે અને મોટી રકમની કરચોરી પકડાવાની આશંકા છે.એવુ જાણવા મળ્યુ છે કે દરોડા કાર્યવાહી માટે રાજકોટ-અમદાવાદ, સુરત સહિતના શહેરોમાંથી ગતારાત્રે જ અધિકારીઓની ટીમોને રાજકોટ બોલાવી લેવામાં આવી હતી અને અમદાવાદ રોડ પરની એક હોટેલમાં રોકાણ કરાવવામાં આવ્યુ હતું.

# વોટસઅપ હવે એક સાથે ચાર મોબાઈલ પર ચલાવી શકાશે

નવી દિલ્હી,તા. ૨૬ : મેટાના સ્વામિત્વવાળા ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ WhatsAppમાં સતત નવા-નવા અપડેટ આવતા રહે છે. હવે વોટ્સએપે વધુ એક શાનદાર ફીચર્સને રોલઆઉટ કર્યું છે. આ ફીચરની મદદથી એક જ વોટ્સએપ અકાઉન્ટને એકસાથે ચાર ડિવાઈસ પર ઉપયોગ કરી શકાય છે. મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગે પોતે આ વાતની જાહેરાત કરી છે. તેમણે ફેસબૂક પર લખ્યું છે કે આજથી તમે મહત્તમ ચાર ફોનમાં એક જ વોટ્સએપ અકાઉન્ટમાં લોગઈન કરી શકાય છે.

વોટ્સએપના નવા ફીચરને લઈને મેટાના સીઈઓ માર્ક ઝકરબર્ગે આ જાહેરાત કરીછે. તેમણે ફેસબૂક પોસ્ટ પર લખ્યું, 'આજથી તમે અધિકતમ ચાર ફોનમાં એક જ વોટ્સએપ અકાઉન્ટમાં લોગઈન કરી શકો છે.

# ભાવનગરનાં તોડકાંડમાં વધુ ચાર આરોપીની ધરપકડ સાથે કુલ ૨૩ની ધરપકડ થઈ

ભાવનગર તા. ૨૫

ભાવનગરના તોડ કાંડમાં હાજર થયેલા શિવભદ્રસિંહ ઉર્ફે શીવુભાના મિત્રના ઘરે રાખેલ થેલામાંથી રૂ. ૨૫,૫૦,૦૦૦ રોકડા અને એક હાર્ડ ડીસ્ક પોલીસે કબ્જે કરેલ છે. ભાવનગરના ચકચારી ડમી કાંડ પગલે બહાર આવેલા તોડકાંડમાં રોજરોજ નવા ખુલાસાઓ થઈ રહ્યા છે. પોલીસના જણાવ્યા મુજબ યુવરાજસિંહ જાડેજાના સાળા શિવભદ્રસિંહ હાજર થતા તેમનો કબ્જો લઈને પુછપરછ ચાલી રહી છે દરમિયાન શિવભદ્રસિંહના મિત્ર સંજયભાઈ ખીમજીભાઈ જેઠવા (રહે. ઘોઘારોડ રાજારામના અવેડા પાસે ક્રિષ્ના રેસીડેન્સી)ની પુછપરછ કરતા પોલીસને જણાવ્યું કે શીવુભા એક થેલો કેટલાક દિવસો પહેલા આપી ગયેલ અને કહેલ કે, સાચવીને રાખજે જ્યારે માંગુ ત્યારે પરત આપજે જેથી સંજયભાઈ જેઠવાના ઘરે જઈને થેલો ખોલતા તેમાંથી રોકડા રૂ.૨૫,૫૦,૦૦૦ મળી આવેલ તેમજ હાર્ડડીસ્ક પણ મળી આવેલ છે. આ બાબતે સંજયને પુછતા હાર્ડડીસ્ક તેની વિક્ટોરિયા પ્રાઈમ કોમ્પ્લેકસ ઓફીસ નંબર ૩૦૫ની છે. જેથી હાર્ડડીસ્ક તપાસ માટે એફએસએલમાં મોકલી આપવા પોલીસે કાર્યવાહી હાથ ધરી છે.

ભાવનગરના ચકચારી ડમીકાંડ કૌભાંડમાં પોલીસે આજે વધુ ૪ આરોપીને ઝડપી લીધા છે . ઝડપી લીધેલા ચારે શખ્સો તળાજા -મહુવા પંથકના છે. સાથે પોલીસે ડમીકાંડમાં ઝડપી લીધેલા આરોપીની સંખ્યા વધીને ૨૩ થઈ છે. રાજ્યના સૌથી મોટા ચકચારી ડમીકાંડમાં ભાવનગર પોલીસે આજે તળાજા પંથકના ચાર શખ્સોને ઝડપી લીધા છે .જેમાં ચંદ્રદીપ ભરતભાઈ ચૌહાણ (રહે.ઉમરલા તા. તળાજા) મહાવીરસિંહ રઘુભા સરવૈયા (રહે. નવા સાંગાણા તાલુકો તળાજા) કીર્તિ કુમાર મુકેશભાઈ પનોત (રહે. નવું ગામ દિહોર તાલુકો તળાજા) અને સંજયભાઈ ગોવિંદભાઈ સોલંકી (રહે .કોંજલી તા.મહુવા)નો સમાવેશ થાય છે. ઉલ્લેખનીય છે કે ડમીકાંડમાં આજ સુધી પોલીસે કુલ ૨૩ આરોપીની ધરપકડ કરી છે.

# ગુજરાત સરકારની માલિકીની કંપનીઓ માટે ડિવિડન્ડ - બાયબેકનાં નવા નિયમો જાહેર કરાયા : રોકાણકારો માલામાલ

ગાંધીનગર તા. ૨૬ : ગુજરાતની ભૂપેન્દ્ર પટેલ સરકારે રાજય સરકારની માલીકીની કંપનીઓ માટે શેર બાયબેક-ડીવીડન્ડ વગેરેના નવા નિયમો જાહેર કરતા શેરબ્રોકરો માલામાલ થયા છે. સરકારના નિર્ણયને પગલે ગુજરાતની સરકારી કંપનીઓ જીએનએફસી, જીએસએફસી, જીએમડીસી સહીત અનેક કંપનીઓનાં શેરોમાં ૮ થી ૧૦ ટકાનો ઉછાળો નોંધાયો છે. ગુજરાતની સરકારી-લીસ્ટેડ કંપનીઓ માટે રોકાણકારોને ડીમાન્ડ-બોનસ આપવા નવી માર્ગદર્શીકા જાહેર કરવામાં આવી છે. રાજય સરકારે આ નિર્ણયનો પરિપત્ર ઈસ્યુ કર્યો હતો. રાજય સરકારે આ નાણાંકીય સ્ત્રોત માટે સરકારી કંપનીઓના ડીસ ઈન્વેસ્ટમેન્ટ સહીતનાં નીતિ વિષયક નિર્ણયો કર્યા જ હતા.હવે નવી માર્ગદર્શિકા પ્રમાણે રાજયની સરકારી કંપનીઓએ કરવેરા પછીનો ૩૦ ટકા નફો અથવા નેટવર્થનાં પાંચ ટકા-બેમાંથી જે વધુ હોય તે ડીવીડન્ડરૂપે શેર હોલ્ડરોને આપવુ પડશે. જોકે એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે ન્યુનતમ તથા અધિકતમ ડીવીડન્ડ મર્યાદા નકકી કરવામાં આવી છે.

# કેદારનાથમાં ભારે હીમવર્ષાની આગાહી : રજીસ્ટ્રેશન બંધ


દેહરાદુન,તા. ૨૬

ઉત્તરાખંડના કેદારનાથ ધામના દરવાજા ૬ મહિના સુધી બંધ રહ્યા બાદ ગઈ કાલે મંગળવારે ભક્તો માટે ખોલવામાં આવ્યા હતા. જોકે અહીંનો સમગ્ર વિસ્તાર બરફની ચાદરથી ઢંકાયેલો છે.

પ્રાપ્ત માહિતી મુજબ છેલ્લા કેટલાક દિવસોથી અહીં સતત હિમવર્ષા થઈ રહી છે. તે સાથે વરસાદના કારણે કડકડતી ઠંડી પણ પડી રહી છે. જો કે આ બધાની વચ્ચે પણ હજારો ભક્તો બાબા કેદારનાથના દર્શન કરવા પહોંચ્યા છે. બીજી તરફ હવામાન વિભાગ તરફથી મળેલી માહિતી મુજબ કેદારનાથ અને આસપાસના વિસ્તારોમાં ૨૯ એપ્રિલ સુધી હિમવર્ષા અને વરસાદની સંભાવના છે. આ કારણોસર, ઉત્તરાખંડ સરકારે કેદારનાથની નોંધણી આગામી તારીખ ૩૦ એપ્રિલ સુધી સ્થગિત કરી દીધી છે. સરકારે યાત્રાળુઓને હાલમાં જયાં રોકાયા છે ત્યાં જ રહેવાની સૂચના આપી છે.



















C M Y K

# કલેક્ટર અનિલકુમાર રાણાવસિયાની અધ્યક્ષતામાં રજૂ થયેલા ૧૮ પ્રશ્નોનું સકારાત્મક નિવારણ

## વંથલીમાં તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં રજુ થયેલા તમામ પ્રશ્નો ઉકેલાયા





જૂનાગઢ તા.૨૬ સ્વાગત કાર્યક્રમના માધ્યમથી જનપ્રશ્નોનું ત્વરિત સમાધાન થઈ રહ્યું છે. આ માટે કલેકટર અનિલકુમાર રાણાવાસિયા તાલુકાકક્ષાએ જઈ લોકોના પ્રશ્નો સાંભળી રહ્યા છે અને રજૂ થયેલા પ્રશ્નોનું ત્વરિત નિરાકરણ માટે માર્ગદર્શન સાથે જરૂરી દિશાનિર્દેશ આપી રહ્યા છે. વંથલી ખાતેના તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં પણ રજૂ થયેલા તમામ ૧૮ પ્રશ્નોનું સ્થળ ઉપર જ સકારાત્મક નિરાકરણ કરવામાં આવ્યું હતું. કલેક્ટરે સંબંધીત અધિકારીઓની હાજરીમાં અરજદારોના પ્રશ્નો સાંભળ્યા હતાં. આ પ્રશ્નો સંદર્ભે અધિકારીઓ સાથે ચર્ચા-વિચારણાના અંતે લોકોના પ્રશ્નો ઉકેલવામાં આવ્યા હતા. કલેકટરે લોકોના પ્રશ્નો સાંભળવાની સાથે તેમના વ્યવસાય, રોજીંદા જીવન અને પ્રશ્નોના જાણવાનો પ્રયાસ કર્યો હતો. સાથે જ કેન્દ્ર-રાજય સરકારની યોજનાઓ હેઠળ મળતી સહાય અંગે પણ પૃચ્છા કરી હતી.

કલેકટરે સ્વાગત કાર્યક્રમને સાંભળ્યા બાદ વંથલી તાલુકામાં ચાલતા વિકાસ કાર્યોના પ્રોજેક્ટ અંગેની અધિકારીઓ પાસેથી જાણકારી મેળવી હતી. ઉપરાંત વહીવટી તંત્રના આંતરિક પ્રશ્નો ઉકેલવા માટે અધિકારીઓ સાથે વિચાર વિમર્શ કર્યો હતો. આ કાર્યક્રમમાં આસિસ્ટન્ટ કલેકટર દેવેન્દ્ર મીણા, ઈન્ચાર્જ પ્રાંત અધિકારી રીના ચૌધરી, મામલતદાર ડી.જે. જાડેજા સહિતના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## અરજદાર ગફારભાઈ જેઠવાએ સ્વાગત કાર્યક્રમના મધ્યમથી થયેલ કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો



જૂનાગઢ, તા.૨૬ સ્વાગત કાર્યક્રમના માધ્યમથી લોકોના પ્રશ્નોનું ત્વરિત સમાધાન મળી રહ્યું છે. તેવા જ એક પ્રશ્નનું વંથલીમાં ગણતરીના કલાકોમાં જ કલેકટરશ્રી અનિલકુમાર રાણાવાસિયાની નિર્દેશોથી ઉકેલવાની દિશામાં કાર્યવાહીની શરૂ થઈ ગઈ હતી. પ્રશ્ન એવો હતો કે, એક વર્ષો જુના વડ ઝાડના મૂળ અને ડાળીઓથી આજુબાજુની ઈમારતને નુકસાન પહોંચાડી થઈ રહ્યું હતું. વાવાઝોડાની સ્થિતિમાં અકસ્માત થવાનો પણ રહેતો. આ સંદર્ભે વંથલીના ગફારભાઈ ઈબ્રાહીમભાઈ જેઠવાએ તાલુકા કક્ષાનું સ્વાગત કાર્યક્રમમાં પ્રશ્ન રજૂ કર્યો હતો. જેને કલેકટર અનિલકુમાર રાણાવાસિયાએ રૂબરૂ સાંભળ્યો હતો અને વડના ઝાડથી થતી અગવડતા અને નુકસાનીને હલ કરવા માટે નિર્દેશ આપ્યા હતાં. તેના પગલે કલાકોમાં જ નડતરરૂપ વડને દૂર કરવાની કામગીરી શરૂ કરી દેવામાં આવી હતી. ગફારભાઈ જેઠવા કહે છે કે, સ્વાગત સ્વાગત કાર્યક્રમમાં નડતરરૂપ થતા ઝાડના પ્રશ્ન કલેકટર સમક્ષ રજૂ કર્યું કર્યો હતો. તે સંદર્ભે સંબંધીત અધિકારીઓને સૂચના આપતા ત્વરિત ઝાડ કાપવાની કામગીરી શરૂ થઈ ગઈ હતી. આમ, આ પ્રશ્ન ગણતરીના કલાકોમાં હલ થતો જણાતા ગફરભાઈ જેઠવા સ્વાગત કાર્યક્રમના મધ્યમથી થયેલ કામગીરી અંગે સંતોષ વ્યક્ત કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, તત્કાલિન મુખ્યમંત્રી અને હાલના પ્રધાનમંત્રી નરેન્દ્રભાઈ મોદીની પ્રેરણાથી શરૂ થયેલા સ્વાગત કાર્યક્રમના ૨૦ વર્ષ પૂર્ણ થવાના અવસરે સ્વાગત કાર્યક્રમ યોજવામાં આવી રહ્યા છે. જેના દ્વારા જનપ્રશ્નોનું ત્વરિત નિરાકરણ કરવામાં આવી રહ્યું છે.

## જૂનાગઢમાં મૂકબધિર દિવ્યાંગજનો માટે તા.૨૭મી એપ્રિલે ખાસ રોજગાર ભરતી મેળો યોજાશે

જૂનાગઢ તા.૨૬ ગુજરાત રાજય સ્થાપના દિવસ ઉજવણી કાર્યક્રમના ભાગરૂપે જૂનાગઢ જિલ્લાનાં ઉત્સાહી અને ઉર્જાવાન મૂકબધિર **(Deaf & Dumb)** દિવ્યાંગતા ધરાવતા દિવ્યાંગ રોજગાર ઈચ્છુકોને રોજગારીનો ઉમદા અવસર પ્રાપ્ય થાય તેવા હેતુસર ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમ વેલ્સપુન ઈન્ડિયા લી. અંજાર ખાતે મશીન ઓપરેટરની ૫૦ જેટલી ખાલી જગ્યાઓ માટે ૧૮ થી ૩૦ વર્ષની વયમર્યાદા તેમજ ધો.૮ની શૈક્ષણિક લાયકાત ધરાવનાર માટે અનુબંધમ વેબપોર્ટલના માધ્યમથી ભરતીમેળાનું આયોજન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢ, દિવાન ચોક ખાતે તા.૨૭-૪-૨૦૨૩ના રોજ સવારે ૧૧:૦૦ કલાકે કરવામાં આવ્યું છે. આ ભરતીમેળામાં ભાગ લેવા હેતુસર રોજગાર ઈચ્છુકોએ શૈક્ષણિક લાયકાતનાં પ્રમાણપત્રો તેમજ જરૂરી દસ્તાવેજો સાથે ભરતીમેળા સ્થળ ઉપર ઉપસ્થિત થવાનું રહેશે. અનુબંધમ પોર્ટલ ઉપર જોબસીકર તરીકે નોંધણી કરાવવી ફરજિયાત છે. અનુબંધમ પોર્ટલ ઉપર જોબસીકર માટેની રજીસ્ટ્રેશન લીંક **https://anubandham.gujarat. gov. in/account/signup** ઉપરથી નોંધણી કરવાની રહેશે. નોંધણી થયા બાદ પોર્ટલ ઉપર લોગ ઈન કરીને પોર્ટલ પર જોબફેર મેનુમાં ક્લીક કરી જરૂરી વિગત ભર્યા બાદ જોબફેરમાં ભાગ લઈ શકાશે. વધુ માહિતી અને માર્ગદર્શન માટે કચેરી સમય દરમિયાન જિલ્લા રોજગાર વિનિમય કચેરી, જૂનાગઢના કોલસેન્ટર નંબર ૬૩૫૭૩૯૦૩૯૦ ઉપર સંપર્ક કરવા માટે જિલ્લા રોજગાર અધિકારી પ્રશાંત ત્રિવેદીની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

## પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મજેવડીના જાલણસર ગામે વિશ્વ મેલેરિયા દિવસની ઉજવણી



જૂનાગઢ, તા.૨૬ : પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર મજેવડીના હેલ્થ એન્ડ વેલનેસ સેન્ટર જાલણસર ગામે વિશ્વમેલેરિયા દિવસ ઉજવણી અનવ્યે વાહકજન્ય રોગ મેલેરિયા, ડેંગ્યુ, રોગની અટકાયત અંગે જન જાગૃતિ માટે જાલણસર ગામના સરપંચ શ્રીમતી શાંતાબેન ભાવેશભાઈ ટોટા તથા ગામની પ્રા.શાળાના બાળકો, શિક્ષકો તથા ગ્રામજનોના સહયોગથી રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું.

## સ્વાગત કાર્યક્રમ થકી સહાયની મળી ખાતરી



જૂનાગઢ, તા.૨૬ વંથલીના રાહુલ ભટ્ટીના ઘરે થોડાં દિવસો પૂર્વે દીકરાનો જન્મ થયો હતો. જેથી તેમના પત્નીને મુખ્યમંત્રી માતૃ વંદન યોજના હેઠળ પોષણ માટે મળતી સહાયનો પ્રશ્ન તાલુકા કક્ષાના સ્વાગત કાર્યક્રમમાં કલેકટર અનિલકુમાર રાણાવાસીયા સમક્ષ રજૂ કરવામાં આવ્યો હતો.

આ સંદર્ભે રાહુલ ભટ્ટી કહે છે કે, કલેક્ટરે અમારા પ્રશ્નને ખૂબ સારી રીતે સાંભળ્યો તો ખરો. સાથે જ પરિવારજનોની કામગીરી, પીએમ કિસાન યોજના હેઠળ મળતી સહાય વગેરે સરકારી મળતા લાભોની પૃચ્છા કરી હતી. વહીવટી તંત્રના આ અભિગમથી ખૂબ ખુશી થઈ, આ સ્વાગત કાર્યક્રમ થકી સહાયની ખાતરી મળી છે. તેમ જણાવતા શ્રી ભટ્ટીએ રાજય સરકાર અને કલેકટરશ્રીનો આભાર પ્રગટ કર્યો હતો.

ઉલ્લેખનીય છે કે, આ એપ્રિલ માસના અંતિમ સપ્તાહ દરમિયાન સ્વાગત કાર્યક્રમ યોજાઈ રહ્યા છે. તાલુકા કક્ષાના કાર્યક્રમમાં કલેકટર અનિલકુમાર રાણાવાસિયા સહિતના અધિકારીઓ લોકોના પ્રશ્નો સાંભળી રહ્યા છે અને રજૂ થયેલા પ્રશ્નો સંદર્ભે ત્વરિત નિરાકરણ માટે માર્ગદર્શન અને જરૂરી દિશાનિર્દેશ આપી રહ્યા છે. આમ, પ્રજાકીય પ્રશ્નોના નિવારણના દિશામાં ઝડપભેર કામગીરી થઈ રહી છે.

## મેનકાઈન્ડ ફાર્મા લિમિટેડે ૧૨૯૭.૯૦ કરોડ ઉભા કર્યા

(પ્રતિનિધિ દ્વારા)

અમદાવાદ, તા.૨૬ મેનકાઈન્ડ ફાર્મા લિમિટેડે ૭૭ એન્કર ઈન્વેસ્ટરો (કુલ ૪૧ સ્કીમ મારફત ૧૬ ડોમેસ્ટિક મ્યુચ્યુઅલ ફંડો સહિત)ને પ્રતિ શેર રૂપિયા ૧૦૮૦ (મહત્તમ પ્રાઈસ બેન્ડ)ના ભાવે ૧,૨૦,૧૭,૬૫૨ ઈક્વિટી શેરની ફાળવણી કરીને રૂપિયા ૧૨૯૭.૯૦ કરોડ ઊભા કર્યા છે.

એન્કર ઈન્વેસ્ટરોમાં-કેનેડા પેન્શન પ્લાન ઈન્વેસ્ટમેન્ટ બોર્ડ, સિંગાપોર સરકાર, મોનેટરી ઓથોરિટી ઓફ સિંગાપોર, ગોલ્ડમન શાસ, ફિડેલિટી, બ્લેકરોક, અબુ ધાબી ઈન્વેસ્ટમેન્ટ, નોમુરા, મોર્ગન સ્ટેનલી, એચડીએફસી ટ્રસ્ટી, એસબીઆઈ એમએફ, આઈસીઆઈસીઆઈ પ્રુડેન્શિયલ, એફઆઈએમ ગ્રુપ ટ્રસ્ટ, નેશનલ પેન્શન સર્વિસ બાય બ્લેકરોક, સરકારી પેન્શન ફંડ, અશોકા ઈન્ડિયા, મોતિલાલ ઓસવાલ, નિપ્પોન લાઈફ ઈન્ડિયા ટ્રસ્ટી, એક્સિસ એમએફ, કોટક એમએફ, ડીએસપી હેલ્થકેર, આદિત્ય બિરલા સન લાઈફ, વેલિંગ્ટન ટ્રસ્ટ, ફ્રેન્કલિન ઈન્ડિયા, એચડીએફસી લાઈફ ઈન્સ્યોરન્સ, એસબીઆઈ લાઈફ ઈન્સ્યોરન્સ, પોલર કેપિટલ ફંડ્સ, ન્યુબર્ગર બર્મન, એચએસબીસી ગ્લોબલ, ધ પ્રુડેન્શિયલ એસ્યોરન્સ, ટીટી ઈમર્જિંગ માર્કેટ્સ, એલજીટી સિલેક્ટ ફંડ્સ, ગ્રેન્ડચોર પીક ઈમર્જિંગ, આઈઆઈએફ એએમસી, ટાટા ઈન્ડિયા ફાર્મા, ટાટા લાર્જ કેપ, યુટીઆઈ મિડ કેપ, કેનેરા રેબેકો એમએફ, કોટક મહિન્દ્રા લાઈફ ઈન્સ્યોરન્સ, બજાજ આલિઆન્ઝ, આદિત્ય બિરલા લાઈફ ઈન્સ્યોરન્સ, ટાટા એઆઈએ લાઈફ ઈન્સ્યોરન્સ, ઓપ્ટિમિક્ષ હોલસેલ, અમુંદી, એચએસબીસી ફોકસ્ડ, ઈન્વેસ્કો ઈન્ડિયા મિડકેપ એન્ડ ક્વોન્ટ એમએફનો સમાવેશ થાય છે.

## જૂનાગઢમાં લીંબોચ માની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા કરાઈ



જૂનાગઢ, તા.૨૬ જૂનાગઢ હાલારી વિદ્યાર્થી ભુવન ખાતે વાણંદ સમાજનાં આદ્ય કુળદેવી માં લીંબોચ માની મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા તેમજ હવન, મહાપ્રસાદનું આયોજન સેન યુવક મંડળ દ્વારા કરવામાં આવેલ હતું જેમાં વાણંદ સમાજ સહ પરિવાર ઉપસ્થિત રહી લાભ લીધો હતો. આ કાર્યક્રમનું આયોજન ચિરાગ રાવરાણી દ્વારા કરવામાં આવ્યું હતું.

# ભારતના સાંસ્કૃતિક વૈવિધ્યનો ઉત્સવ છે 'સૌરાષ્ટ્ર-તમિલ સંગમ'

ભારત એક એવો દેશ છે, જ્યાં આપણા પૂર્વજોએ હજારો વર્ષોથી 'એટલે કે 'આપણે સહુ એકસાથે ચાલીએ; એકસાથે બોલીએ; આપણા મન એક હોય', જેવા આદર્શ વિચારો સાથે આપણા સાંસ્કૃતિક વારસાનો પાયો નાખ્યો છે. આપણો દેશ વૈવિધ્યસભર, બહુભાષીય અને બહુવિધ સાંસ્કૃતિક રાષ્ટ્ર હોવા છતાંપણ સંયુક્ત પરંપરાઓ, મિશ્ર સંસ્કૃતિઓ તેમજ સમાન નૈતિક મૂલ્યોના પ્રાચીન બંધનોથી સુસજ્જ છે.

ભારતના સાંસ્કૃતિક મૂલ્યોમાં અસીમ આસ્થા ધરાવતા અને જનતા પ્રત્યે હંમેશાં પ્રતિબદ્ધ અને કર્તવ્યનિષ્ઠ એવા આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીજીએ ભારતીય સમાજની આ જ વિશેષતાને વધુ ગાઢ બનાવવા માટે 'એક ભારત-શ્રેષ્ઠ ભારત' ના મંત્ર સાથે દેશના દરેક રાજયના સાંસ્કૃતિક વારસાને સન્માન આપવાનું ભગીરથ કાર્ય કરવાનો દ્રઢ નિર્ધાર કર્યો છે. વડાપ્રધાનશ્રીના આ વિચારને નક્કર સ્વરૂપ આપતા ગુજરાત સરકારે તાજેતરમાં ભગવાન સોમનાથ મહાદેવના પવિત્ર સાંન્નિધ્યમાં ઐતિહાસિક સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમનું ભવ્ય આયોજન કર્યું છે.

આ કાર્યક્રમ દક્ષિણ ભારત અને પશ્ચિમ ભારતની સંસ્કૃતિઓનો સંગમ છે. લગભગ બારસો વર્ષના લાંબા સમયગાળા પછી આટલી ભવ્યતા સાથે આ પ્રકારનો કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો છે. એવું પહેલીવાર થઈ રહ્યું છે કે સદીઓ પહેલા તમિલનાડુ જઈને સ્થાયી થયેલા મૂળ સૌરાષ્ટ્રના લોકો આ કાર્યક્રમના ઉપક્રમે પોતાના પૈતૃક વતનની યાત્રા કરી રહ્યા છે.

એ જ રીતે, બંને રાજ્યોના પૌરાણિક મહત્વની વાત કરીએ તો ગુજરાતના દરિયાકિનારે ભગવાન સોમેશ્વર શિવનો વાસ છે, તો તમિલનાડુના સમુદ્રતટ પર ભગવાન શ્રીરામ દ્વારા સ્થાપિત ઐતિહાસિક રામેશ્વરમ્ મંદિર સ્થિત છે. આ ઉપરાંત, પ્રાચીનતાની દ્રષ્ટિએ પણ બંને રાજયો ખૂબ મહત્વપૂર્ણ સ્થાન ધરાવે છે. એક બાજુ જ્યાં ગુજરાત, હડપ્પીય સંસ્કૃતિ જેવી પ્રાચીન વિકસિત સંસ્કૃતિનું કેન્દ્ર રહ્યું છે, તો બીજી બાજુ તમિલનાડુ તેમજ તમિલ સંસ્કૃતિ ભારતની પ્રાચીનતા અને ગૌરવનું કેન્દ્ર છે.

ઈતિહાસના પરિપ્રેક્ષ્યમાં જોઈએ તો એક ભારત-શ્રેષ્ઠ ભારતના વિચારને સમર્પિત આ કાર્યક્રમનું ઐતિહાસિક મહત્વ પણ છે. આજથી લગભગ હજારો વર્ષો પહેલા જ્યારે ભારતના અન્ય રાજ્યો ઉપરાંત જ્યારે ગુજરાતમાં પણ સતત વિદેશી આક્રમણ થઈ રહ્યા હતા, ત્યારે સૌરાષ્ટ્રના કેટલાક રહેવાસીઓએ તમિલનાડુમાં શરણું શોધ્યું, અને ત્યાં જઈને વસ્યાં.

આપણા સૌરાષ્ટ્રના આ જ પૂર્વજોએ ગુજરાતની હસ્તશિલ્પ અને અન્ય કળાઓને તમિલનાડુમાં પણ આગળ વધારી, જેને ત્યાંના લોકોએ સ્વીકારી અને તેને લોકપ્રિયતા પણ પ્રાપ્ત થઈ. તે સમયના શાસક શ્રી થિરૂમલાઈ નાયક્કર અને તેમની રાજકુમારીએ આપણા આ ગુજરાતી કારીગરો દ્વારા બનાવવામાં આવેલા સિલ્કના વસ્ત્રોની પ્રશંસા કરતા એકવાર કહ્યું હતું કે સૌરાષ્ટ્રના કારીગરો જો અહીંયા ન આવ્યા હોત, તો આપણને ચીની અને યુરોપીય સિલ્કથી પણ શ્રેષ્ઠ એવું આ સિલ્ક પહેરવા મળ્યું ન હોત. સૌરાષ્ટ્ર મૂળના તમિલ રહેવાસીઓને મળેલું આ સન્માન ભારતની સાંસ્કૃતિક, સામાજિક અને કલાત્મક સમરસતાનું શ્રેષ્ઠ ઉદાહરણ છે.

અહીં એ વાત ખાસ ઉલ્લેખનીય છે કે આપણા વડાપ્રધાન જ્યારે ગુજરાતના મુખ્યમંત્રી હતા ત્યારે તેમણે વર્ષ ૨૦૦૫ અને ૨૦૦૬માં આ સમુદાયની સાથે પુનઃસંપર્ક સ્થાપિત કરવા માટે અનેક પ્રયાસો શરૂ કર્યા હતા. તેમના આ પ્રયાસો ત્યારે ફળિભૂત થયા જ્યારે વર્ષ ૨૦૧૦માં શ્રી નરેન્દ્રભાઈની ઉપસ્થિતિમાં તમિલનાડુના મદુરાઈમાં વિરાટ સૌરાષ્ટ્ર સંગમનું આયોજન કરવામાં આવ્યું, જેમાં લગભગ ૫૦ હજાર લોકો ઉપસ્થિત રહ્યા હતા. આ શ્રી નરેન્દ્રભાઈના ભગીરથ પ્રયાસોનું જ પરિણામ છે કે આજે ગુજરાત અને તમિલનાડુના સૌરાષ્ટ્રવાસીઓ વચ્ચે આદાન-પ્રદાનના વિવિધ કાર્યક્રમો ચાલી રહ્યા છે.


સંસારમાં સ્થાનાંતરણ એ એક સ્વાભાવિક પ્રક્રિયા છે. પરંતુ, સૌરાષ્ટ્રવાસીઓનું આ સ્થળાંતર એક વિશિષ્ટ અને ઐતિહાસિક ઘટના છે. હું સૌરાષ્ટ્ર મૂળના તમિલ સમુદાયની પ્રશંસા કરવા માંગું છું કે વિદેશી આક્રમણકારોના દમનના કારણે તેઓ વિસ્થાપિત તો થયા, પરંતુ તેમણે પોતાના હૃદયમાં સૌરાષ્ટ્રની પરંપરા અને સંસ્કૃતિને જીવંત રાખી.

સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમને કારણે આ સમુદાયને હજારો વર્ષો પછી પોતાની માતૃભૂમિ ઉપર પાછા ફરવાનો અવસર પ્રાપ્ત થયો છે. આપણે સહુ ગુજરાતીઓ આપણા સૌરાષ્ટ્રિયન-તમિલ ભાઈઓનું સ્વાગત અને સરભરા કરવા માટે ઉત્સુક છીએ, તો સામે સૌરાષ્ટ્ર મૂળના આપણા તમિલ બંધુઓ પણ આટલા વર્ષો પછી પોતાના પૂર્વજોની ધરતી ઉપર આવીને ઘણા ભાવુક બન્યા છે અને ધન્યતા અનુભવી રહ્યા છે.

અમારી સરકાર તરફથી આ કાર્યક્રમ હેઠળ અનેકવિધ સાંસ્કૃતિક પ્રસ્તુતિઓ તેમજ રમત-ગમતની સ્પર્ધાઓ આયોજિત કરવામાં આવી રહી છે. આ સાથે જ સૌરાષ્ટ્રીયન તમિલ બંધુઓ માટે ઐતિહાસિક તેમજ પૌરાણિક મહત્વ ધરાવતા ભગવાન સોમનાથ મહાદેવ અને દ્વારકાધીશ ભગવાન શ્રીકૃષ્ણના દર્શન, અતિ આધુનિક ટેક્નોલોજીથી બનાવવામાં આવેલ વિશ્વની સૌથી ઉંચી પ્રતિમા સ્ટેચ્યુ ઑફ યુનિટીની યાત્રા અને સાસણગીર જેવા પ્રસિદ્ધ અભયારણ્યમાં એશિયાટિક સિંહોને જોવાની વ્યવસ્થા કરીને, તેમની આ ગુજરાત યાત્રાને હંમેશ માટે યાદગાર બનાવવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ 'એક ભારત, શ્રેષ્ઠ ભારત' ના સંદર્ભમાં એક વાર કહ્યું હતું કે, ''સરદાર પટેલે આપણને 'એક ભારત' આપ્યું છે અને હવે સહુ ભારતવાસીઓનું એ કર્તવ્ય છે કે આપણે આપણા સામૂહિક પ્રયાસોથી તેને 'શ્રેષ્ઠ ભારત' બનાવીએ.'' સૌરાષ્ટ્ર-તમિલ સંગમ કાર્યક્રમની સાથે-સાથે ગુજરાતનો માધવપુર મેળો પણ શ્રી નરેન્દ્રભાઈના આ જ વિચારો પર આધારિત છે. પૌરાણિક કથા પર આધારિત માધવપુર મેળો દ્વારિકાના રાજા ભગવાન શ્રીકૃષ્ણ અને અરૂણાચલ પ્રદેશની રાજકુમારી રૂકમણિજીના વિવાહની ઉજવણી છે. આ પણ પશ્ચિમી ભારત અને પૂર્વીય ભારતની બે સંસ્કૃતિઓના સંગમનો કાર્યક્રમ છે. એ આપણા માટે ગૌરવની વાત છે કે છેલ્લાં બે વર્ષોમાં આપણે આ કાર્યક્રમના પણ બે સફળ આયોજનો કર્યા છે.

આપણે ભવિષ્યમાં આવા જ અલગ-અલગ પ્રયાસોથી સાંસ્કૃતિક આદાન-પ્રદાનના ચલનની પ્રવૃત્તિને આગળ વધારવાની છે. આપણે આપણી નવી પેઢી માટે એવા સમાજના નિર્માણની દિશામાં કામ કરવાનું છે, જ્યાં આપણે સહુ એકબીજાની ભાષા, સંસ્કૃતિ અને પરંપરા બાબતે વધુ સહજ હોઈશું, અને તેના માટે વધુ સમરસતા અને સ્વીકાર્યતા ધરાવીશું.



આધુનિક ભારતના સૂત્રધાર સરદાર પટેલ દ્વારા આપણને મળેલું ભૌગોલિક રીતે એક ભારત ત્યારે જ સાંસ્કૃતિક રીતે શ્રેષ્ઠ બનશે જ્યારે ભારતની તમામ સંસ્કૃતિઓ અને પરંપરાઓનું સન્માન અને સંવર્ધન દરેક નાગરિકના નૈતિક મૂલ્યો અને ફરજોનું અભિન્ન અંગ બની જશે. 'શ્રેષ્ઠ ભારત' માટે ખૂબ જ જરૂરી છે, કે આપણે કેવળ અર્થ ખાતર શિરોમણિ બનવા માટે કામ ન કરીએ પરંતુ માનવધર્મ, સામાજિક સમરસતા, સાંસ્કૃતિક બહુમતીની સાથે આદર્શ નૈતિક મૂલ્યો અપનાવવામાં પણ વિશ્વમાં શિરમોર બનીએ. મને વિશ્વાસ છે કે સાંસ્કૃતિક વૈવિધ્યના ઉત્સવસમા 'સૌરાષ્ટ્ર-તમિલ સંગમ' જેવા કાર્યક્રમોના આયોજનો અને કેન્દ્રમાં શ્રી નરેન્દ્રભાઈની સરકાર અને દેશની રાજ્ય સરકારોના નિરંતર પ્રામાણિક પ્રયાસો ચોક્કસપણે 'એક ભારત' થી 'શ્રેષ્ઠ ભારત' નો માર્ગ પ્રશસ્ત કરશે. આ વિશેષ પ્રસંગે દેશભક્તિ અને દેશ માટે ત્યાગની ભાવનાને વ્યક્ત કરવા માટે મને આપણા પ્રેરણાસ્ત્રોત અને ભારતના પૂર્વ વડાપ્રધાન સ્વર્ગીય શ્રી અટલ બિહારી વાજપેયીજીની કેટલીક પંક્તિઓ યાદ આવી રહી છે.

**- ભુપેન્દ્ર પટેલ મુખ્યમંત્રી, ગુજરાત**

સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક

## તંત્રી લેખ

# ખુંખાર અપરાધીનાં મોત ઉપર રોદણા રોવા તે દેશ માટે દુર્ભાગ્યપૂર્ણ

ઉત્તર પ્રદેશના પ્રયાગરાજમાં લગભગ દોઢેક મહિના પહેલાં વકીલ ઉમેશ પાલ સહિત બે પોલીસકર્મીઓને સરાજાહેર નિશાનો બનાવનારા માફિયા અતીક અહમદના બે સાગરિતોનાં ઝાંસીમાં એક એન્કાઉન્ટર દરમ્યાન મોત ઉત્તર પ્રદેશ પોલીસની એક મોટી સફળતા કહી શકાય. આ એન્કાઉન્ટરમાં અતીકના પુત્ર અસદની સાથે શૂટર ગુલામ મોહંમદ પણ પોલીસની ગોળીનો નિશાન બન્યો. જોકે આ બંને ઉમેશ પાલની હત્યા સમયે કેમેરામાં કેદ થઈ ગયા હતા, તેથી તેમના અપરાધ અને તેમની ઓળખને લઈને કોઈ સવાલ ન ઉઠાવી શકાય. તેમના દુસાહસનું અનુમાન એનાથી લગાવી શકાય છે કે તેમણે ઉમેશ પાલ હત્યાકાંડને અંજામ આપતી વખતે પોતાના ચહેરા પણ છૂપાવવાની જહેમત નહોતી ઉઠાવી. તેનું કોઈ કારણ હોય શકે તો એ જ કે તેઓ ખોફ પેદા કરવા માંગતા હતા. ઉત્તર પ્રદેશ પોલીસ અને વિશેષ રૂપે તેમની સ્પેશ્ય ટાસ્ક ફોર્સ ઉમેશપાલ અને બે પોલીસકર્મીઓની હત્યામાં સામેલ અપરાધીની ચારેબાજુ શોધ કરી રહી હતી, પરંતુ તેઓ પોલીસ અથવા અદાલત સમક્ષ સમર્પણ કરવાને બદલે ભાગતા ફરતા હતા. સામાન્ય રીતે આવી સ્થિતિઓમાં આવા દુસાહસિક અપરાધી એન્કાઉન્ટરનો જ નિશાનો બને છે. અસદ અને ગુલામ સાથે એવું જ થયું. આશા રાખીએ કે તેમના જેવા હાલ થયા ત્યારબાદ ઉમેશ પાલ હત્યાકાંડમાં સામેલ અન્ય અપરાધી પોલીસ સમક્ષ સમર્પણ કરવાનું પસંદ કરશે.

ઝાંસીમાં થયેલ આ એક્રાઉન્ટર બાદ વિપક્ષી દળોના કેટલાય નેતાઓ જે રીતે ખૂંખાર અપરાધીઓના મોત પર રોદણાં રડી રહ્યા છે અને પોલીસ પર સવાલ ઉઠાવી રહ્યા છે, તે હાસ્યાસ્પદ જ નહીં, દેશ માટે દુર્ભાગ્યપૂર્ણ પણ છે. આટલા ખૂંખાર અપરાધીઓ માટે આંસુ વહાવવા શું દર્શાવે છે? જ્યારે પોલીસનું મનોબળ વધારવાનું કામ કરવામાં આવે, ત્યારે તેને કઠેરામાં ઊભી કરવામાં આવે છે. આ સસ્તી રાજનીતિ જ નહીં, બલ્કે અપરાધીઓ પ્રત્યે બિનજરૂરી હમદર્દી પણ છે. આવી ક્ષુદ્ર રાજનીતિની કોઈ જરૂર નથી. એનાથી વિચિત્ર અને વાંધાજનક બીજું શું હોય કે સપા પ્રમુખ અખિલેશ યાદવે તાબડતોબ નિષ્કર્ષ કાઢી લીધો કે ઝાંસીમાં થયેલ એન્કાઉન્ટર નકલી છે. તેમને કઈ રીતે ખબર પડી? શું તેઓ ઘટનાસ્થળે હાજર હતા? અખિલેશની જેમ જ બસપા પ્રમુખ માયાવતી પણ એન્કાઉન્ટર પર સવાલ ઉઠાવી રહ્યાં છે. આવા જ હાલ અસદુદ્દીન ઓવૈસી અને તૃણમૂલ કોંગ્રેસનાં નેતા મહુઆ મોઈત્રાના પણ છે. તેમના વાહિયાત સવાલ એ જ દર્શાવે છે કે તેઓ ખૂંખાર અપરાધીઓમાં પણ જાતિ-મજહબ શોધી રહ્યા છે. આવા નેતા એક બાજુ તો એમ કહેતાં થાકતા નથી કે અપરાધીની ના કોઈ જાતિ હોય છે અને ના કોઈ મજહબ, પરંતુ અસદ અને ગુલામમાં તેમને જાતિ-મજહબ દેખાઈ જાય છે! જે પણ નેતા ઝાંસીમાં થયેલ એન્કાઉન્ટર પર સવાલ ઉઠાવી રહ્યા છે તેઓ એટલા નાદાન નહોઈ શકે કે એટલું ય ન જાણતા હોય કે દરેક એન્કાઉન્ટરની કેટલાય સ્તરો પર તપાસ થાય છે.

# નાગાલેન્ડના રાજ્યપાલશ્રી લા.ગણેશનએ કેવડિયા-એકતાનગર ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીની મુલાકાત કરી સરદાર સાહેબના ચરણોમાં કરેલી ભાવ વંદના







**વિઝીટ બુકમાં અભિપ્રાય ટાંકતા અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબના કાર્યોને બિરદાવ્યા : ભાવિ પેઢી તેમાંથી પ્રેરણા લે તે માટે શૈક્ષણિક ટૂર ગોઠવાય તેવી હિમાયત પણ કરી**

## સરદાર સાહેબની સૌથી ઊંચી પ્રતિમાના દર્શન કરી ચરણસ્પર્શ કરી ધન્યતા અનુભવી સરદાર સાહેબના જીવન કવન અને ઐતિહાસિક ઘટનાઓનું ઝીણવટપૂર્વક નિરીક્ષણ કર્યું:પ્રધાનમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનની ભારોભાર પ્રશંસા કરી એક ભારત શ્રેષ્ઠ ભારતનું સ્વપ્ન સાકાર થતું નજરે નિહાળ્યું

રાજપીપલા તા. ૨૬

ગુજરાત રાજ્યના સ્ટેટ ગેસ્ટ બનેલા નાગાલેન્ડ રાજ્યના મહામહિમ રાજ્યપાલશ્રી લા.ગણેશન દિલ્હીથી હવાઈ માર્ગે વડોદરા ખાતે આવી પહોંચ્યા હતા. તા. ૨૫/૦૪/૨૦૨૩ના રોજ વડોદરાથી કેવડિયા એકતાનગર ખાતે બાયરોડ આવી પહોંચતા કેવડિયા વીવીઆઈપી સર્કિટ હાઉસ ખાતે પ્રોટોકોલ અધિકારીશ્રી એન.એફ.વસાવા અને સ્ટેચ્યુ ઓફ યુનિટી ઓથોરિટી દ્વારા બુકે આપી સ્વાગત કરવામાં આવ્યું હતું.

રાજ્યપાલશ્રી લા. ગણેશન સર્કિટ હાઉસથી કોન્વોય દ્વારા સીધા જ વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મીટરની વિરાટ પ્રતિમાને વંદન કરી સરદાર સાહેબની મૂર્તિના દર્શન કર્યા હતા. યાદગીરી રૂપે તસવીરો પણ લીધી હતી. સાથે સાથે માં નર્મદાના દર્શન, સાતપૂડા અને વિંધ્યાચળ ગિરીમાળાના પ્રાકૃતિક સૌંદર્યનો નજારો નિહાળી ભાવવિભોર બન્યા હતા. સ્ટેચ્યુ ઓફ યુનિટીના ખાસ ગાઈડ દ્વારા અંગ્રેજી, હિન્દી અને સંસ્કૃત ભાષામાં ઐતિહાસિક ઘટના અને સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ કાર્યોની માહિતીથી મહામહિમશ્રી રાજ્યપાલને અવગત કર્યા હતા. ભારતમાં તાજમહેલ અને સરદાર સાહેબની મૂર્તિ એ એક અજાયબી છે તેમ જણાવ્યું હતું અને લાખોની સંખ્યામાં અહીં દેશ વિદેશના પ્રવાસીઓ કેવડિયા ખાતે મુલાકાત લે છે. તેઓ તેને યાદગાર ક્ષણો માને છે. વિશાળ પ્રતિમાને જોઈને લોકો અચંબામાં પડી જાય છે.

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર ભાઈ મોદીના ડ્રીમ પ્રોજેક્ટ પૈકીનું આ એક અદભુત સ્થળ છે. એક ભારત શ્રેષ્ઠ ભારતના અહીં દર્શન થાય છે. વિવિધતામાં એકતાના દર્શન અહીં જોવા મળે છે. પૂજ્ય સરદાર સાહેબની ફોટો ગેલેરી, પ્રદર્શનકક્ષ, ઓડિયો વિઝ્યુઅલ દ્વારા ઐતિહાસિક ઘટનાઓનું આબેહૂબ વર્ણન અને દેશની એકતા અખંડિતતામાં આપેલું યોગદાન પ્રસ્તુત કરવામાં આવે છે. એટલું જ નહીં વ્યૂઈંગ ગેલેરી દ્વારા સરદાર સરોવર ડેમના દર્શન અને નર્મદા મૈયાના દર્શન, પ્રાકૃતિક નજારો જોઈને સૌ કોઈ મંત્રમુગ્ધ બની જાય છે. રાજ્યપાલશ્રીએ પણ આ પ્રત્યેક બાબતોને બારીકાઈથી નજરે નિહાળી ખૂબ પ્રશંસા કરી હતી. સ્ટેચ્યૂ નિર્માણ અને દ્રષ્ટિવંત વિઝનરી વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની ખૂબજ પ્રશંસા કરી હતી. સાથે માન. રાજ્યપાલશ્રીએ કામરુન (આફ્રિકા)ના પ્રવાસીઓ સાથે વાર્તાલાપપણ કર્યો હતો. વિદેશી પ્રવાસીઓએ માન. રાજ્યપાલશ્રી સાથે યાદગાર તસવીરો પણ ખેંચાવી હતી. તમિલનાડુના કેટલાક પ્રવાસીઓ સરદાર સાહેબની ગેલેરીમાં અચાનક તમિલનાડુનાં પ્રવાસીઓ ઓળખાઈ જતાં મલકના માનવી મળ્યા ત્યારે હરખની ખુશી બેવડાઈ ગઈ હતી અને તેમની સાથે પણ તસવીરી ઝલક લીધી હતી અને પ્રવાસીઓ પણ પોતાના કેમેરામાં તસવીરો ખેંચાવી પ્રવાસને યાદગાર બનાવ્યો હતો.

સ્ટેચ્યૂ ઓફ યુનિટી નિહાળી બહાર આવ્યા પછી માન. રાજ્યપાલશ્રીએ સરદાર સાહેબના ચરણ સ્પર્શ કરી ધન્યતા અનુભવી હતી. વિઝીટ બુકમાં અખંડ ભારતના શિલ્પી સરદાર સાહેબના કાર્યોને બિરદાવ્યા હતા અને ભાવિ પેઢી તેમાંથી પ્રેરણા લે તેના માટે શૈક્ષણિક ટૂર ગોઠવીને વધુ લોકોને અવગત કરાવે, પ્રવાસીઓ તેમજ દેશના લોકો સરદાર સાહેબના એકતા અખંડિતતાના સંદેશાને જીવનમાં ઉતારે અને તેમાંથી પ્રેરણા લે તે જોવા હિમાયત કરી હતી. છેલ્લે એક ભારત શ્રેષ્ઠ ભારતની નિશાની દર્શાવતી વૉલ ઓફ યુનિટીની મુલાકાત લીધી હતી.

આ મુલાકાતમાં તેમની સાથે તેમના ભાઈશ્રી એલ. ગોપાલન અને શ્રી સત્યનારાયણ દવે સહભાગી થયા હતા. સ્ટેચ્યુ ઓફ યુનિટી દ્વારા માન. રાજ્યપાલશ્રી લા. ગણેશનને નાયબ કલેક્ટરશ્રી (એસઓયુ) મયુર શુક્લા દ્વારા સરદાર સાહેબની પ્રતિમા તથા રાજપીપલાના પ્રાંત અધિકારીશ્રી શૈલેષ ગોકલાણીએ કોફી ટેબલ બુક ભેટ આપી હતી જેને માન. રાજ્યપાલીએ સહર્ષ સ્વીકાર કરી ધન્યતાનો ભાવ પ્રગટ કર્યો હતો.

### મલેરિયા દિવસ અંતર્ગત

# માંગરોળમાં આરોગ્ય વિભાગ તાલુકા હેલ્થ કચેરી દ્વારા વિશ્વ જનજાગૃતી બાઈક રેલી યોજાઈ




(નિલેશ રાજપરા દ્વારા)

માંગરોળ તા. ૨૬

જૂનાગઢના માંગરોળમાં વિશ્વ મલેરિયા દિવસની ઉજવણી કરવામાં આવી હતી. જેના ભાગરૂપે તાલુકા આરોગ્ય વિભાગ દ્વારા તાલુકા હેલ્થ કચેરીએ થી એક રેલીનું આયોજન કરવામાં આવ્યું હતું જે મામલતદાર કચેરી બસસ્ટેન્ડ લીમડાચોક સહીત શહેરના મુખ્ય માર્ગો પર ફરી હતી.

છેલ્લા એક અઠવાડિયાથી મલેરિયા નાબૂદી માટે આરોગ્ય વિભાગ દ્વારા મલેરિયા નાબુદી સપ્તાહ તરીકે ઉજવણી કરવામાં આવી હતી જેમા મલેરિયા બાબતે જનજાગૃતીના વિવિધ કાર્યક્રમો યોજવામાં આવ્યા હતા

ત્યારે આજરોજ વિશ્વ મલેરિયા દિવસ સંદર્ભે યોજવામાં આવેલી રેલીમાં મલેરીયાની બાબત મા લોકોમાં જાગૃતતા આવે એવા સૂત્રો બોલાવવામાં આવ્યા સાથે લોકોને મલેરિયા સામે લડવા ઉપાયો સમજાવવામાં આવ્યા હતા.. આ રેલીમાં આરોગ્ય વિભાગના અધિકારીઓ ડોકટર ડાભી સાહેબ સહિત ના ડોક્ટરો સહીત કર્મીઓ જોડાયા હતા.

# દ્વારકાની બેંક ઓફ ઈન્ડીયામાં બે દિવસ ઉપરાંત પાસબુક એન્ટ્રી મસીન બંધ ગ્રાહકો પરેશાન

(રાકેશ સામાણી દ્વારા)

દેવભુમિ દ્વારકા તા. ૨૬

દ્વારકામાં રબારી ગેટ પાસે આવેલ બેક્રઓફ ઈન્ડીયા બેક્રમાં આવેલ ડીજીટલ પાસબુક એન્ટ્રી મસીન છેલ્લા બે દિવસ ઉપરાંત બંધ હોવાથી ગ્રાહકોને મુસ્કેલીઓ વેઠવી પડે છે. બેક્રમાં પૈસાની જમા -ઉપાડતી વખતે ચોપડીમાં એન્ટ્રી ન થતા ગ્રાહકોમાં રોષ વ્યાપ્યો છે. છેલ્લા બે દિવસ ઉપરાંત ડીજીટલ પાસબુકમાં એન્ટ્રી થતા મસીન બંધ હોવાથી બેંકમાં પાસબુકની એન્ટ્રી માટે અન્ય સુવિધા ન હોવાના કારણે ગ્રાહકોમાં રોષ વ્યાપ્યો છે. આ અંગે બેક્ર ઓફ ઈન્ડીયાના મેનેજર પુછતા તેઓએ મસીનમાં ટેકનીકલ ખામી હોવાથી રીપેરીંગ કરવા માણસો બોલાવ્યા છે. તેવા ગ્રાહકોને રૂટીંગ જવાબ દૈઈ સંતોષ માને છે. વહેલી તકે ગ્રાહકોની માંગને ધ્યાને લૈઈ પાસબુક એન્ટ્રી મસીન ચાલુ થાય તેવી માંગ ઉઠી છે.

# આફ્રિકાના દેશ કેન્યામાં એક પાદરીના કહેવા પર ૪૭ જેટલા લોકોએ ભૂખ્યા રહીને સામૂહિક આત્મહત્યા કરી

કેન્યા,તા.૨૬

આફ્રિકાના દેશ કેન્યામાં એક પાદરીના કહેવા પર ૪૭ જેટલા લોકોએ ભૂખ્યા રહીને સામૂહિક આત્મહત્યા કરી લીધી હોવાના ચોંકાવનારા સમાચાર છે. પોલીસને આ મૃતદેહ એક પાદરીની જમીન પરથી જ મળી આવ્યા છે. કેન્યાના શાકાહોલાના જંગલમાં પોલીસને હજુ પણ મૃતદેહો મળી રહ્યા છે. એવા રિપોર્ટ્સ છે કે ગુડ ન્યૂઝ ઈન્ટરનેશનલ ચર્ચના એક પાદરીએ આ લોકોને કહ્યું હતું કે જો આ લોકો ભૂખ્યા રહીને પોતાને દફન કરી લેશે તો તેઓ સ્વર્ગમાં જશે અને તેમની મુલાકાત જીસસ સાથે થશે. જો કે પોલીસ તરફથી આ લોકોના મૃતદેહો છેલ્લા ત્રણ દિવસથી કાઢવામાં આવી રહ્યા છે અને મૃતદેહોની સંખ્યા વધી રહી છે. માલિંદી ઉપ-કાઉન્ટીના પોલીસ પ્રમુખ જહોન કેમ્બોઈએ આ ઘટના અંગે જાણકારી આપી.





તેમણે જણાવ્યું કે પાદરી પોલ માકેન્જીની જમીન પર હજુ વધુ કબરો ખોદવામાં આવશે. ત્યારબાદ જ આત્મહત્યા કરનારાઓ વિશે ચોક્કસ જાણકારી મળી શકશે. તેમણે કહ્યું કે ૧૪ એપ્રિલના રોજ મૃતદેહ મળ્યા બાદ પાદરીની ધરપકડ કરી લેવાઈ હતી. પાદરીના કહેવા ઉપર જ આ લોકોએ આ પગલું ભર્યું હતું. પોલીસને આખી ઘટના વિશે કેવી રીતે ખબર પડી?... જાણો આ રીત કે જેનાથી આ ઘટના વિષે બધો પર્દાફાસ થઈ... એવું માનવામાં આવી રહ્યું છે કે પોલીસને આ અંગે ગુપ્ત સૂચના મળી હતી જેના આધાર પર પોલીસે માલિંદીમાં પાદરીની સંપત્તિ પર છાપો માર્યો. ત્યારબાદ તપાસમાં પોલીસને એક પછી એક મૃતદેહો મળતા ગયા.

ન્યૂઝ વેબસાઈટ કેન્યા ડેઈલીના જણાવ્યાં મુજબ પોલીસ હાલ તમામ મૃતદેહોમાંથી ડીએનએ સેમ્પલ ભેગા કરી રહી છે. જેથી કરીને એ સાબિત કરી શકાય કે આ લોકોના મોત ભૂખ્યા રહેવાના કારણે થયા છે. પોતાને નિર્દોષ ગણાવે છે પાદરી?.... કેમ જાણો.. ધરપકડ બાદ પોલ મેકેન્ઝી એટલે કે પાદરીનું કહેવું છે કે તેમણે લોકોને આત્મહત્યા કરવા માટે પ્રેરિત કર્યા નથી. તેમણે એમ પણ કહ્યું કે તેણે વર્ષ ૨૦૧૯માં જ ચર્ચ બંધ કરી દીધુ હતું. જો કે આ મામલે પોલીસ તરફથી કોઈ જ ઢીલાશ દેખાડવામાં આવી રહી નથી. પાદરીના કારણે પહેલા પણ થયા હતા મોત?... આવું પહેલીવાર નથી બન્યું કે જ્યારે પાદરી પોલ મેકેન્ઝીનું નામ અંધવિશ્વાસ સાથે જોડાયેલું છે. આ અગાઉ ૨૦૧૯માં અને તે વર્ષે માર્ચમાં પણ પોલીસ તેમની ધરપકડ કરી ચૂકી છે.

૨૦૧૯માં તેમના કારણે બે બાળકોના મોત થયા હતા. માતા પિતાની ફરિયાદ પર પોલીસે તેમના વિરુદ્ધ કેસ દાખલ કર્યો હતો. તે વખતે ૧૦ હજાર કેન્યન શિલિંગ એટલે કે ૬ હજા રૂપિયાના દંડ પર પોલીસે તેમને છોડ્યા હતા. ત્યારબાદ હવે ફરીથી આવી ઘટના જોવા મળી છે. જેમાં આટલા બધા લોકોના મોત થયા છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

સાચો સંતોષ એ જ ખરો ત્યાગ છે.

- સ્વામી રામતીર્થ

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.આદર-૧૩૯૨, મુ. શવ્વાલ-૧૪૪૪, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૭૯, વૈશાખ સુદ-૬ ચંદન છઠ્ઠ, ગંગા સપ્તમી, ગંગોત્પતિ, ગંગાપૂજન તા.૨૬ એપ્રિલ ૨૦૨૩, બુધવાર, પારસી તા.૧૪, મુસ્લિમ તા.૫, પુનર્વસુ નક્ષત્ર, સુકર્મા યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૨૩, સૂ.અ.૭:૧૫

આજનો દિવસ સાધારણ છે.

આજે જન્મેલા બાળકની રાશી મિથુન (ક છ ઘ), રાત્રે ૧૨:૨૦ ક. પછી જન્મેલા બાળકની રાશી કર્ક (ડ હ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ : સંતાન બાબતે ચિંતા સર્જાય. આર્થિક સમસ્યા દૂર થાય.
વૃષભ : નવા આર્થિક આયોજનો પાર પાડી શકશો. નવિન તક સાંપડે.
મિથુન : પારિવારીક જીવનમાં આનંદ રહે. વ્યવસાયિકકાર્યમાં સફળતા મળે.
કર્ક : શારીરિક કષ્ટ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ ન શકાય.
સિંહ : કોર્ટ-કચેરીને લગતા કાર્યોમાં વિક્ષેપ પડે. મનની મુરાદ બર ન આવે.
કન્યા : માનસિક શાંતિ અનુભવાય. મહત્વના નિર્ણયો લઈ ન શકાય.
તુલા : અપેક્ષાઓ ફળતી લાગે. પ્રિયજનથી લાભ થાય.
વૃશ્ચિક : મનમાં અશાંતિ રહે. આર્થિક વ્યવહારોમાં સંભાળવું.
ધન : કાર્યબોજ વિશેષ રહે. રોકાયેલા નાણાં છૂટા થાય.
મકર : મહત્વના કાર્યોમાં રૂકાવટ આવે. પડવા-વાગવાથી સંભાળવું.
કુંભ : વ્યર્થ વાદ-વિવાદ ટાળવો. નાણાંનું રોકાણ ન કરવું.
મીન : મનમાં વ્યર્થ ચિંતા રહે. જીવનસાથી સાથે વાણી ઘર્ષણ થાય.

# દ્વારકા તાલુકામાં વિશ્વ મલેરીયા દિવસની ઉજવણી કરાઈ



**મલેરીયા ,ચિકનગુનિયા તેમજ ડેન્ગ્યુ જેવા રોગો ન ફેલાય તે માટે લોકો ને આરોગ્ય શિક્ષણ આપી જાગૃત કરાયા**

(રાકેશ સામાણી દ્વારા)

દેવભુમિ દ્વારકા તા. ૨૬

વિશ્વ મલેરીયા દિવસ ની ઉજવણી અને મલેરીયા મુક્ત ભારત અભિયાન અંતર્ગત દ્વારકા તાલુકા ની વિવિધ શાળા , આંગણવાડી ,આરોગ્ય કેન્દ્ર તેમજ સમુદાય નાંબ લોકો સાથે જૂથ ચર્ચા કરી સમાજમાં મલેરીયા ,ચિકનગુનિયા તેમજ ડેન્ગ્યુ જેવા રોગો ન ફેલાય તે માટે લોકો ને આરોગ્ય શિક્ષણ આપી જાગૃતિ લાવવાની કામગીરી આજરોજ જિલ્લા આરોગ્ય અધિકારી ડો. મિતેષ ભંડેરી તેમજ જિલ્લા મલેરીયા અધિકારી ડો. મેહુલ જેઠવા નાં માર્ગદર્શન હેઠળ અર્બન હેલ્થ સેન્ટર દ્વારકા નાં કશ્યપ ચંદારાણા તેમજ અન્ય સ્ટાફ દ્વારા કરવામાં આવી હતી.

# રાજકીય-આર્થિક ભયાનક સંકટ જોતા પાકિસ્તાનમાં તખ્તાપલટ થઈ શકે છે

## સિસ્ટમ નિષ્ફળ જાય કે રાજકીય નેતૃત્વ અને સંગઠનો વચ્ચે વિવાદ થાય ત્યારે માર્શલ લો લાગુ થવાની સંભાવના, પાકિસ્તાનના પૂર્વ વડાપ્રધાન શાહિદ અબ્બાસીનું નિવેદન

ઈસ્લામાબાદ, તા.૨૬

પાકિસ્તાન હાલમાં જે આર્થિક સંકટમાંથી પસાર થઈ રહ્યું છે તેનાથી દરેક વ્યક્તિ વાકેફ છે. આ દરમિયાન પૂર્વ વડાપ્રધાન શાહિદ અબ્બાસીએ મોટું નિવેદન આપ્યું છે. તેમનું કહેવું છે કે, પાકિસ્તાનમાં રાજકીય અને આર્થિક સંકટ એટલું ભયાનક છે કે સેના અહીં તખ્તાપલટ કરી શકે છે. તેમના મતે જ્યારે પણ સિસ્ટમ નિષ્ફળ જાય છે અથવા રાજકીય નેતૃત્વ અને સંગઠનો વચ્ચે વિવાદ થાય છે ત્યારે હંમેશા માર્શલ લો લાગુ થવાની સંભાવના રહે છે. અબ્બાસીએ ટોપ સ્ટેક હોલ્ડરો સાથે વાતચીત કરવાની અપીલ કરી છે. શાહિદ



અબ્બાસી ઓગસ્ટ ૨૦૧૭ થી મે ૨૦૧૮ સુધી પાકિસ્તાનના વડાપ્રધાન હતા. અબ્બાસીના કહેવા પ્રમાણે, પરિસ્થિતિ હાથમાંથી નીકળી જાય તે પહેલા ઈમરાનખાન, નવાઝ શરીફ અને આર્મી ચીફ અસીમ મુનીરે વાતચીત કરવી જોઈએ. પૂર્વ વડાપ્રધાને ચેતવણી આપી છે કે, જો સમાજ અને સંસ્થાઓ વચ્ચે સંઘર્ષ થાય છે તો આવી સ્થિતિમાં શક્તિશાળી સેના સમગ્ર પરિસ્થિતિને પોતાના હાથમાં લઈ શકે છે. આ માટે તેમણે ઘણા દેશોના ઉદાહરણ આપ્યા અને કહ્યું કે, ઘણા દેશોમાં આવું બન્યું છે. જ્યારે રાજકીય અને બંધારણીય વ્યવસ્થા નિષ્ફળ જાય છે ત્યારે ત્યાં વધારાના બંધારણીય (ઉપાય) હોય છે. બીજી તરફ નેતા શાહિદ અબ્બાસીએ પણ કહ્યું કે, સેના અત્યારે માર્શલ લો લાગુ કરવા પર વિચાર નથી કરી રહી. તેણે કહ્યું, મને નથી લાગતું કે સેના તેના વિશે વિચારી રહી છે. પરંતુ જ્યારે તેમની પાસે બીજો કોઈ વિકલ્પ ન હોય ત્યારે સેના દ્વારા તખ્તાપલટની શક્યતા હોઈ શકે છે. પાકિસ્તાન હાલમાં સૌથી મોટા આર્થિક સંકટનો સામનો કરી રહ્યું છે. વસ્તુઓના આસમાને આંબી જતા ભાવ લોકો માટે મુશ્કેલી ઉભી કરી રહ્યા છે. બીજી તરફ દેશ આઈએમએફ પાસેથી મદદ મેળવવા માટે સતત પ્રયાસો કરી રહ્યો છે.

# સોમનાથ મંદિર ખાતે ૭૩માં સ્થાપનાં તિથી દિવસની ભવ્ય ઉજવણી કરાઈ

## સોમનાથ મહાદેવની ધ્વજા પૂજા, સરદાર વંદના, દિપમાળા, મહાપૂજા, પાઘપૂજા સાથે વિશેષ શૃંગાર કરવામાં આવ્યા






(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ, તા.૨૬

દેશ વિદેશમાં વસતા શિવભક્તો અને હિન્દુઓની આસ્થાનું કેન્દ્ર એવા સમુદ્રતટ ઉપર બિરાજમાન પ્રથમ આદિ જ્યોતિર્લિંગ સોમનાથ મહાદેવ મંદિરનો આજે વૈશાખ સુદ પાંચમના રોજ તિથિ પ્રમાણે આજરોજ ૭૩' મો પ્રાણ પ્રતિષ્ઠા દિવસ છે. ૧૧' મે ૧૯૫૧, ના વૈશાખ માસની શુકલ પંચમી શુક્રવારે સવારે ૯ કલાક ૪૬ મીનીટે ભારતના મહામહિમ પ્રથમ રાષ્ટ્રપતિ ડો.રાજેન્દ્ર પ્રસાદના શુભ હસ્તે હાલના જ્યોતિર્લિંગની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવેલ હતી. આ દિવ્ય પ્રસંગની વિશેષ ઉજવણી એવી હતી કે "પ્રતિષ્ઠા સમયે તત્કાલીન રાષ્ટ્રપતિએ શિવલિંગના તળ ભાગે રાખેલી સુર્વણ શલાકા ખસેડીને શિવલિંગ સ્થાપિત કરી, પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવેલ હતી. આ સમયે પવિત્ર ૧૦૮ તીર્થસ્થાનોના અને સાત સમુદ્રોના જળથી શિવલિંગનો અભિષેક કરવામાં આવ્યો હતો. આ ધન્ય પળે ૧૦૧ તોપોના ગગનભેદી નાદ સાથે મંદિરમાં ઘંટનાદ થયો હતો. શિવપ્રાસાદ નિર્માણના અધિકૃત ગ્રંથ દીપાર્ણવમાં ઉલ્લેખ છે, કે આવુ શિવલિંગ સર્વલિંગોમાં શ્રેષ્ઠ છે. ગર્ભગૃહ સુર્વણથી મઢેલ છે અને દ્વારો-દ્વારશાખ તથા આગળના સ્થંભો, મંદિરના નૃત્યમંડપ સભામંડપના કળશો સુર્વણ મંડીત થયા છે, મંદિરના સાત માળ છે. સોમનાથ મંદિર નિર્માણ સદીની મોટી ઘટના ઈતિહાસમાં નોંધાઈ છે. ૮૦૦ વર્ષ પછી નાગરશૈલી મા નિર્માણ પામનાર આ પ્રથમ દેવાલય છે, જેને કૈલાશ મહામેરૂ પ્રાસાદ થી પણ પ્રસિદ્ધ છે. પ્રાચીન યુગથી વર્તમાન યુગ સુધી વારંવાર આક્રમણ- વિસર્જન- સર્જન- આસ્થા- રાજવીઓ શહિદોના સમર્પણ અને શિલ્પકલાનું બેનમુન શિવાલય અને સરદાર વલ્લભભાઈ પટેલના પ્રદાનનુ જીવંત સાક્ષી આ શિવાલય દર્શન પૂજાવિધીથી વર્તમાન યુગમાં સાત સમંદર પાર વિદેશમાં વસતા ઓનલાઈન સોશ્યલ મીડીયાના માધ્યમથી દર્શનાર્થીઓ પહોંચે છે. સોમનાથ મંદિરના ૭૩માં સ્થાપના દિવસ નિમિત્તે ટ્રસ્ટના સેક્રેટરી યોગેન્દ્રભાઈ દેસાઈના હસ્તે ધ્વજાપૂજા, સરદારે વંદના અને પૂષ્પાજલી અર્પણ કરવામાં આવેલ હતી. ૭૨ વર્ષ પૂર્વે સવારે ૯:૪૬ એ મહાપૂજા કરવામાં આવેલ એ ઉપલક્ષ્યમાં તે પ્રસંગે કરવામાં આવેલ શૃંગારની પ્રતિકૃતિ રૂપ શૃંગાર મુખ્યપૂજારી વિજયભાઈ ભટ્ટ તથા પૂજારી વૃંદ દ્વારા કરવામાં આવેલ હતો. આ સાથે મહાદેવને વિશેષ પાઘ પૂજા કરવામાં આવી હતી. સોમનાથ મહાદેવની પાઘને પાલખીમાં બિરાજમાન કરીને સમગ્ર મંદિરની પ્રદક્ષિણા કરવામાં આવી હતી. આ પાલખીયાત્રામાં મંદિરના વિજયસિંહ ચાવડા, દિલીપ ચાવડા, તંજાવુરના મહારાજા બાબાજી રાજા ભોંસલે, કેન્દ્રીયમંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત, મંત્રી કુવરજીભાઈ બાવળીયા, ઋષિકેશભાઈ પટેલ સહિતના મહાનુભાવો ઉત્સાહ અને ભક્તિ ભાવ સાથે જોડાયા હતા. મંગલ વાદ્યો સાથે મંદિરની પ્રદક્ષિણા કર્યા બાદ પાઘ પુજારીઓને અર્પણ કરવામાં આવી હતી જે પાઘને મધ્યાહન શૃંગારમાં મહાદેવ ઉપર શણગારવામાં આવી હતી. સાંજે સોમનાથ મહાદેવને વિશેષ શૃંગાર અને દિપમાલા કરવામાં આવેલ હતા.

## જૂનાગઢમાં મોઢા અને ગળાનાં કેન્સરનો કેમ્પ યોજાશે

જૂનાગઢ, તા.૨૬

શ્રી સ્થાનક વાસી જૈન સંઘ તેમજ સત્યમ સેવા યુવક મંડળ જૂનાગઢ દ્વારા મોઢા અને ગળાના કેન્સર તેમજ સુપર સ્પેશિયાલિસ્ટનો નિદાન કેમ્પનું અયોજન કરવમાં આવેલ છે. જૂનાગઢમાં અમદાવાદની હેયાંશ હોસ્પિટલ ના મોઢા અને ગળા ના કેન્સર ના નિષ્ણાંત ડૉ સ્મિત દેસાઈ, ડો.રમેશ વારા, ડો.હેમલ વારા તેમજ કે. જે મલ્ટી સ્પેશિયાલિસ્ટ હોસ્પિટલ જૂનાગઢના ડો.બિરજુ નિમ્બાર્ક, કિડની, પથરી, પ્રોસ્ટેટના નિષ્ણાંત, ડો.કેયુર પીપલીયા, હૃદયરોગ નિષ્ણાંત, ડો.પ્રતીક કોરડીયા મગજ અને કરોડરજજુના નિષ્ણાંત દ્વારા વિનામુલ્યે નિદાન કેમ્પ તા.૩૦/૪/૨૦૨૩ને રવિવાર મહેતા નિદાન કેન્દ્ર દેવવાડી પાસે ઉપરકોટ રોડ જૂનાગઢ ખાતે સવારે ૧૦ થી બપોરે ૨:૦૦ કલાક સુધી નિદાન કેમ્પનું આયોજન કરેલ છે. આ કેમ્પમાં નીચે આપેલ નંબર ઉપર રજીસ્ટ્રેશન કરાવું ૯૪૨૬૯ ૧૧૯૧૧, ૯૮૨૪૮ ૧૩૯૦૦,૯૮૯૮૦ ૮૯૨૮૯, ૯૪૨૭૨ ૪૨૭૭૧ કેન્સરના દર્દીને જરૂરી દવા વિનામુલ્યે આપવામાં આવશે તેમજ કેમ્પના લાભાર્થીએ આપના જુના રિપોર્ટ તેમજ એકસ-રે સાથે રાખવા, આ કેમ્પને સફળ બનાવા મનસુખભાઈ વાજા, હિતેશભાઈ સંઘવી, લલિતભાઈ દોશી, મહેન્દ્ર ઉદાણી, કમલેશભાઈ પંડ્યા, અરવિંદભાઈ મારડિયા, અલ્પેશ પરમાર, ધર્મેન્દ્રભાઈ મોદી, કમલેશભાઈ પારેખ, હિરેનભાઈ માવાણી, રાજુભાઈ દોશી તેમજ તમામ કારોબારી સભ્ય દ્વારા જહેમત ઉઠાવી રહ્યા છે.

## જૂનાગઢ મયારામ દાસજી આશ્રમ ખાતે ગૌશાળાનું લોકાર્પણ કરતા મોટી હવેલીના પરમ પૂજ્ય ગોસ્વામી પિયુષ બાવાશ્રી

### મુખ્ય દાત ચંદ્રિકાબેન નાનજીભાઈ જોશી તરફથી ગૌશાળા માટે રૂપિયા આઠ લાખનું અનુદાન મળેલ





જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢ શહેરના ગિરનાર રોડ પાસે આવેલ શ્રી મયારામ દાસજી આશ્રમ ખાતે તા.૨૪ - ૪ - ૨૦૨૩ ના રોજ આધુનિક ગૌશાળાનું લોકાર્પણ કરતા પરમ પૂજ્ય ગોસ્વામી પિયુષ બાવાશ્રી તેમજ મુખ્ય દાતા ચંદ્રિકાબેન જોષી, ભરતભાઈ લાખાણી દ્વારા ખુલ્લું મૂકવામાં આવેલ હતું. આ ગૌશાળા બનાવવા માટે સત્યમ સેવા યુવક મંડળની પ્રેરણાથી રૂપિયા ૮ લાખનું દાન દાતા ચંદ્રિકાબેન જોશી દ્વારા આપવામાં આવ્યું હતું. આ ગૌશાળામાં કોઈપણ લોકો પોતાની હાથે ગાય માતાને ઘાસ, લાડુ, ઘુઘરી ખવડાવી શકાય અને ગૌ માતાની પ્રદક્ષિણા પણ કરી શકશે તેવી સરસ મજાની વ્યવસ્થા કરવામાં આવેલ છે. આ કાર્યક્રમમાં સંસ્થાના પૂજ્ય શ્રી અભિરામદાસજીબાપુ, ડેપ્યુટી મેયર ગીરીશભાઈ કોટેચા, કિરીટભાઈ રાણીંગા, નાગભાઈ વાળા, હર્ષદભાઈ લાખાણી, બટુકબાપુ, રસિકભાઈ પાજવાણી, મુકેશગીરી એસ.મેઘનાથી, આધ્યાશક્તિબેન મજમુદાર, વિજયભાઈ કિકાણી, પ્રોફેસર પી..બી.ઉનડકટ, સુશીલાબેન શાહ, દામજીભાઈ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા માટે મયારામદાસજી આશ્રમના ટ્રસ્ટી મનસુખભાઈ વાજા, હસમુખભાઈ ત્રિવેદી, વિનુભાઈ કાલરીયા, કાંતિભાઈ મહેતા, અલ્પેશભાઈ પરમાર, પ્રવીણભાઈ જોશી, હિતભાઈ પારેખ, પુનાભાઈ નંદાણીયા વગેરે સેવાભાવી કાર્યકરોએ આ કાર્યક્રમને સફળ બનાવવામાં જહેમત ઉઠાવેલ હતી.

## દ્વારકા શરદાપીઠ ખાતે આદ્ય શંકરાચાર્યજીની જન્મ જયંતીની ભવ્ય ઉજવણી કરાઈ

### સંતો મહંતોની ઉપસ્થિતીમાં પાદુકા પુજન તેમજ દ્વારકાધીશજીને ધ્વજા આરોહરણ કરાઈ



(રાકેશ સામાણી દ્વારા)

દ્વારકા, તા.૨૬

દ્વારકા શારદાપીઠ ખાતે આજ વૈશાખ સુદ પાંચમના શ્રી શારદાપીઠ, શંકરાચાર્ય મઠ - દ્વારકા ગુરૂગાદી ખાતે ભગવાન આદ્ય શંકરાચાર્યજીનું પાદુકા પૂજન તથા ભગવાન શ્રી દ્વારકાધીશજીના શિખર ઉપર નૂતન ધ્વજા આરોહરણ કરવામાં આવ્યુ હતું. આ પ્રસંગે સંતો મહંતો તેમજ બહોળી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિતીમાં જન્મ જયંતી ઉત્સવ ઉજવવામાં આવી હતી.

## સોમનાથ મહાદેવના રૂદ્રાક્ષ શૃંગારના દર્શન કરી તમિલ બાંધવો અને ભગિનીઓએ સંધ્યા આરતીના દર્શનનો લાભ લીધો

### લાઈટ શોમાં સોમનાથ મહાદેવ મંદિરનો ઈતિહાસ નિહાળી તમિલ ભાઈઓ-બહેનો મંત્રમુગ્ધ થયાં



વેરાવળ, તા.૨૬

પ્રભાસ પાટણની પાવન ધરા ઉપર પધારેલા સૌરાષ્ટ્રીયન તમિલ પરિવારો પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવના ચરણે શીશ નમાવી ભાવવિભોર બન્યા હતા. તમિલ બાંધવો અને ભગિનીઓએ મહાદેવની સંધ્યા આરતીમાં ભગવાન શ્રી સોમનાથ મહાદેવનાં રૂદ્રાક્ષ શૃંગારના દર્શન કર્યાં હતાં. ત્યારબાદ મંદિરના પટાંગણમાં સોમનાથ જ્યોતિર્લિંગનો ઈતિહાસ દર્શાવતો ભવ્યાતિભવ્ય લાઈટ એન્ડ સાઉન્ડ શૉ નિહાળી તમિલ બાંધવો મંત્રમુગ્ધ થયા હતાં. આ લાઈટ એન્ડ સાઉન્ડ શો સોમનાથ મંદિરની સ્થાપના, વિદેશી આક્રમણો બાદ મંદિરના નવ નિર્માણના ઈતિહાસ આધારિત તૈયાર કરવામાં આવ્યો છે. લાઈટ એન્ડ સાઉન્ડ શો પહેલાં મંદિરના તેમજ સોમનાથ ટ્રસ્ટના પ્રવાસનલક્ષી વિકાસકાર્યોની માહિતી આપતી ફિલ્મ પણ દર્શાવવામાં આવી હતી.

## વૈશાખ સુદ પાંચમ - સોમનાથ મંદિર સ્થાપના દિવસ

# તંજાવુર સ્ટેટ મહારાજા બાબાજી રાજા ભોંસલેએ સજોડે સોમનાથ મહાદેવ મંદિર ખાતે મહાપૂજાનો લ્હાવો લીધો




વેરાવળ, તા.૨૬

સૌરાષ્ટ્ર તમિલ સંગમ કાર્યક્રમ દરમ્યાન સોમનાથની પાવન ધરા પર આવેલા જલ મંત્રી ગજેન્દ્રસિંહ શેખાવત આરોગ્ય મંત્રીશ્રી ઋષિકેશભાઈ પટેલ અને પાણી પુરવઠા મંત્રીશ્રી કુંવરજીભાઈ બાવળિયા અને તંજાવુર સ્ટેટશ્રી મહારાજા બાબાજી રાજા ભોંસલેએ વિક્રમ સવંત અનુસાર સોમનાથ મંદિરના સ્થાપના દિને પ્રથમ જ્યોર્તિલિંગ સોમનાથ મહાદેવના દર્શન કરી શિવલિંગ પર જળાભિષેક કર્યો હતો. મંદિરમાં તંજાવુર સ્ટેટ મહારાજા બાબાજી રાજા ભોંસલેએ તથા મંત્રીશ્રી ગજેન્દ્રસિંહ શેખાવતે સજોડે અને મંત્રી ઋષિકેશભાઈ પટેલ તેમજ કુંવરજીભાઈ બાવળિયાએ શાસ્ત્રોક્ત વિધિ વિધાન સાથે સોમનાથ મહાદેવની મહાપૂજા કરી હતી. સોમનાથ મંદિર સ્થાપના દિવસ નિમિતે સર્વે મહાનુભાવોએ પાલખી યાત્રા, ધ્વજા પૂજન, પાદ પૂજન અને પ્રસાદ થાળ અર્પણ કરી શિવ આરાધના કરીહતી. આ પ્રસંગે જિલ્લા પંચાયત પ્રમુખ રામીબેન વાજા, પ્રાંત અધિકારીશ્રી બાટી, સોમનાથ મંદિર સેક્રેટરી યોગેન્દ્ર દેસાઈ તથા પદાધિકારી/અધિકારીઓ અને અગ્રણીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

## રાષ્ટ્રીય સફાઈ કામદાર આયોગના ચેરમેનનું રાજકોટ ખાતે સ્વાગત

(પંકજ ઝીબા દ્વારા) રાજકોટ, તા.૨૬



વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના એક ભારત શ્રેષ્ઠ ભારત વિચારને સાર્થક કરતા સૌરાષ્ટ્ર તામિલ સંગમમાં ભાગ લેવા આવતા રાષ્ટ્રીય સફાઈ કામદાર આયોગના ચેરમેન એમ વેંકટેશનો રાજકોટ એરપોર્ટ ખાતે સ્વાગત કરતા રાજકોટના કલેકટર પ્રણવ જોશી, મનોજ રાઠોડ પ્રમુખ રાજકોટ જિલ્લા ભાજપ અજા મોરચો અને પૂર્વ તાલુકા પંચાયત પ્રમુખ લોધીકા, સમાજ કલ્યાણ નિયામક મિશ્રા, ગુજરાત પ્રદેશ ભાજપ મોરચાના અગ્રણી જલ્પેશભાઈ વાઘેલા સહિતના લોકો બોડી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

## શ્રી લોહાણા મહાજન જૂનાગઢ દ્વારા ૪૦માં સમુહલગ્ન-યજ્ઞોપવિત યોજાશે

જૂનાગઢ, તા.૨૬

જૂનાગઢ લોહાણા મહાજનના ઉપક્રમે તથા કાર્યરતા રઘુવંશી જ્ઞાતિ સંસ્થાઓના સહકારથી તા.૮/૬/૨૦૨૩ જેઠ વદ-૫નો ગુરૂવારના રોજ ૪૦માં સામુહલગ્ન, યજ્ઞોપવિત કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ છે. આ અંગે મળતી વિગત પ્રમાણે જૂનાગઢ લોહાણા મહાજનશ્રીના ઉપક્રમે તથા કાર્યરત રઘુવંશી જ્ઞાતિ-સંસ્થાઓના સહકારથી સવંત-૨૦૭૯ના જેઠ વદ-૫ને ગુરૂવાર તા.૮/૬/૨૦૨૩ના રોજ ૪૦મો સમુહલગ્ન યજ્ઞોપવિત કાર્યક્રમ યોજવામાં આવશે. આ કાર્યક્રમમાં જોડવા ઈચ્છતા જ્ઞાતિજનોએ આ અંગેના ફોર્મ તથા માહિતી લોહાણા મહાજન વાડી ગીરનાર રોડ જૂનાગઢ ઉપરથી મલી શકશે. આ કાર્યક્રમમાં જોડવા ઈચ્છતા રઘુવંશી પરીવારોએ તા.૧૫/૫/૨૦૨૩ સુધીમાં ફોર્મ ભરીને શ્રી લોહાણા મહાજન વાડી ખાતે પહોંચાડવના રહેશે તેમ શ્રી લોહાણા મહાજન જૂનાગઢના પ્રમુખ મહેન્દ્રભાઈ મશરૂની યાદીમાં જણાવેલ છે.

## જૂનાગઢમાં જગન્નાથજી યુવા સંગઠનની થયેલ રચના



જૂનાગઢ, તા.૨૬

શ્રી સોરઠીયા વાણંદ જ્ઞાતિ જગન્નાથજી મંદિર ટ્રસ્ટ હેઠળ "જગન્નાથજી યુવા સંગઠન"ની રચના કરવામાં આવી હતી જેમાં પ્રમુખ તરીકે ભદ્રેશભાઈ કરસનભાઈ પરમારની સર્વાનુમતે નિમણુંક કરવામાં આવી હતી. તેની સાથે ૧૧ યુવા કાર્યકરની નિમણુંક કરવામાં આવી હતી જેમાં જ્ઞાતિ આગેવાનો બિપિન ભટ્ટી, પ્રમુખ મંત્રી રાજુભાઈ ચુડાસમા, વિજય ચુડાસમા, ધનશુખભાઈ ચુડાસમા, અમુભાઈ વાઢેર, દિલશુખભાઈ પરમાર સહીતનાએ શુભેચ્છા પાઠવી હતી. આ હોદેદારોને કારોબારી દ્વારા ખેસ પહેરાવી સન્માનિત કરવામાં આવેલ હતા.

